# ઈનોક્સ વિન્ડ લિ.ને ૧૭૦ મેગાવોટનો ઓર્ડર મળ્યો

વડોદરા,બુધવાર

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડની પેટા કંપની અને પવન ઉર્જા ઉકેલ પ્રદાતાઓમાંની એક કન્ટિન્યુઅમ વિન્ડ એનર્જી દ્વારા ઈનોક્સ વિન્ડ લિમિટેડને એક ૧૭૦ મેગાવોટનો ઓર્ડર આપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશના રતલામ અને મંદસૌરમાં તથા તેની આસપાસ અમલમાં આવનાર છે અને તે ભારતમાં કોઈ એક એકલ પ્રોજેક્ટ માટે સૌથી મોટા ટર્બાઈન ઓર્ડર્સમાંનો એક ઓર્ડર છે. રૂ.૯૦૦ કરોડથી પણ વધુના મુલ્ય વાળા આ ઓર્ડરમાં ઈનોક્સ વિન્ડના તાજેતરમાં શરૂ થયેલ ૨ મેગાવોટ વિન્ડ ટર્બાઈનના ૧૦૦ મીટર રોટોર વ્યાસ ધરાવતા ૮૫ એકમો પૂરા પાડવાના છે, તેમ ઈનોક્સ વિન્ડ લિમિટેડના સીઈઓ કૈલાશ તારાચંદાનીએ કહ્યુ હતું.